ક્રમાંક:-- જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/૧(૮)/ 39
જીઆઈડીસી, વડી કચેરી, ઉદ્યોગ ભવન,
ગાંધીનગર.
તા. 29/૯/૧૦.

**//:-- સુધારાનો પરિપત્ર--://**

વિષય:-- પેટાભાડે (સબલેટીંગ) આપવાની નિગમની નીતિ બાબત.

સંદર્ભ:-- પરિપત્ર નં--જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧(૮)/૩૭ તા.૩૧/૮/૨૦૦૯.

નિગમ ધ્વારા ઔદ્યોગિક વસાહતોમાં ફાળવેલ પ્લોટ/શેડની મિલ્કતોને પેટાભાડે આપવા માટે એક સંકલિત પરિપત્ર ક્રમાંક--જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧(૮)/૩૭ તા.૩૧/૮/૨૦૦૯ નારોજ તાત્કાલિક અસરથી જારી કરવામાં આવેલ છે, શરતચૂકથી સદર પરિપત્રની કલમ--૧૧ ની પેટા કલમ(અ) માં સબલેટીંગ ફી બાબતે નિગમની પ્રવર્તમાન નીતિને સુસંગત નથી તેવી શરત દર્શાવવામાં આવેલ છે.

સબબ આથી થયેલ શરતચૂકની સુધારણા સારૂ જણાવવામાં આવે છે કે સદર શરત નં--૧૧ (અ) નીચે મુજબ સુધારીને વાંચવી અને તે મુજબ અમલ કરવો.

"૧૧ (અ) નિગમની તમામ વસાહતોમાં પેટાભાડાની ફી (સબલેટીંગ ની ફી) પ્રતિ વર્ષ પ્રવર્તમાન વિતરણ દરના ૩% મુજબ વસુલ લેવી."

આ સુધારો મૂળ પરિપત્ર તા.૩૧/૮/૨૦૦૯ ની તારીખની અસરથી અમલ ગણવો તથા તા.૩૧/૮/૦૯ કે તે પછી જો આવી પરવાનગી કોઈપણ કિસ્સામાં આપવામાં આવેલ હોય તો તેવા કિસ્સાઓમાં ખુટતી સબલેટીંગ ફી ની રકમ જે તે ફાળવણીદાર પાસેથી વસુલ લેવી.

ઉકત સૂચનાનો અમલ તાત્કાલિક કરી તેની જાણ તથા પરિપત્ર મળ્યાની પહોંચ જનરલ મેનેજર (વિતરણ) ને અચુક કરવી.

સહી/--
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.

O | C 1.5/10/10

રવાના કર્યું
જનરલ મેનેજર (ઈએન્ડએ).